# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-05-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## ભારત-પાક. આંતરાષ્ટ્રીય સરહદ: ડ્રોન હુમલો

બારામુલ્લાથી ભુજ સુધીની આંતરરાષ્ટ્રીય સરહદ અને પાકિસ્તાન સાથેની નિયંત્રણ રેખા પર 26 સ્થળોએ ડ્રોન જોવા મળ્યા છે. આમાં શંકાસ્પદ સશસ્ત્ર ડ્રોનનો સમાવેશ થાય છે જે નાગરિક અને લશ્કરી લક્ષ્યો માટે સંભવિત ખતરો છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર આ સ્થળોમાં બારામુલ્લા, શ્રીનગર, અવંતીપોરા, નગરોટા, જમ્મુ, ફિરોઝપુર, પઠાણકોટ, ફાઝિલ્કા, લાલગઢ જટ્ટા, જેસલમેર, બાડમેર, ભુજ, કુઆરબેટ અને લક્કી નાળાનો સમાવેશ થાય છે.

ફિરોઝપુરમાં એક સશસ્ત્ર ડ્રોન દ્વારા નાગરિક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો હતો, જેના પરિણામે એક સ્થાનિક પરિવારના સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે અને સુરક્ષા દળો દ્વારા વિસ્તારને ખાલી કરાવી દેવામાં આવ્યો છે. ભારતીય સશસ્ત્ર દળો ઉચ્ચ સ્તરની સતર્કતા જાળવી રહ્યા છે. તમામ હવાઈ જોખમોને ટ્રેક કરવામાં આવી રહ્યા છે અને કાઉન્ટર-ડ્રોન સિસ્ટમનો ઉપયોગ કરીને તેનો સામનો કરવામાં આવી રહ્યો છે. સરહદી વિસ્તારોમાં રહેતા નાગરિકોને ઘરની અંદર રહેવા, બિનજરૂરી હિલચાલ મર્યાદિત કરવા અને સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવેલી સલામતી સૂચનાઓનું કડક પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.લોકોને કહેવામાં આવ્યું છે કે ગભરાવાની જરૂર નથી, સતર્ક રહેવું અને સાવચેતી રાખવી જરૂરી છે.

---------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી સેના પ્રમુખો: બેઠક

**ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે નવી દિલ્હીમાં ભૂમિદળ, વાયુદળ અને નૌકાદળના પ્રમુખો સાથે ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી.  આ બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ હાજર હતા.**

**------------------------------------------------------------------------------------------**

## સંરક્ષણમંત્રી: સુરક્ષા સ્થિતિ

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘની અધ્યક્ષતામાં ગઇકાલે નવી દિલ્હીમાં ઉચ્ચસ્તરની બેઠક યોજાઈ. દરમિયાન શ્રી સિંઘે પશ્ચિમી સરહદ પર સુરક્ષા સ્થિતિ અને ભારતીય સશસ્ત્ર દળોની કામગીરીની તૈયારીઓની સમીક્ષા કરી. બેઠકમાં સંરક્ષણ અધ્યક્ષ અનિલ ચૌહાણ, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, વાયુસેનાના પ્રમુખ એર ચીફ માર્શલ અમરપ્રીત સિંઘ અને નૌકાદળના પ્રમુખ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા. બેઠકમાં સંરક્ષણ સચિવ આર. કે. સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા.**

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ સરહદ સુરક્ષા દળ, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ-C.I.S.F. અને નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યૂરોના મહાનિદેશકો સાથે બેઠક યોજી.**

**------------------------------------------------------------------------------------------**

## પાકિસ્તાન હવાઇક્ષેત્ર બંધ

પાકિસ્તાને આજે બપોરે ૧૨ વાગ્યા સુધી પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. આ એરફિલ્ડનો ઉપયોગ કરનારી છેલ્લી ફ્લાઇટ પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સની ફ્લાઇટ હતી જે પેશાવર જતી હતી. તેને બલુચિસ્તાનના ક્વેટામાં રાહ જોવાની ફરજ પડી. આ વિમાનનું ઇમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું..

**------------------------------------------------------------------------------------------**

## રાજ્ય: આરોગ્ય બેઠક

**આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લાઓના આરોગ્ય અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીઓ બેઠક યોજી. આ બેઠકમાં તેમણે કટોકટીની પરિસ્થિતિમાં આરોગ્યલક્ષી જરૂરી તમામ વ્યવસ્થાઓ માટે સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત શ્રી પટેલે સરહદી જિલ્લાઓને કોઈપણ પરિસ્થિતિમાં પહોંચી વળવા આરોગ્ય સુવિધાઓના મજબૂતીકરણ કરવા પણ સૂચનાઓ આપી હતી.**

**-----------------------------------------------------------------------------------------**

## રાજ્ય: રજા રદ્દ

ભારત પાકિસ્તાન સંઘર્ષની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારના બધા જ વિભાગો અને ખાતાઓ તેમજ બોર્ડ, નિગમો, પંચાયત, મહાનગરપાલિકા તથા સ્વાયત અને અનુદાનિત સંસ્થાઓના અધિકારીઓ-કર્મચારીઓની અનિવાર્ય સંજોગો સિવાયની બધા જ પ્રકારની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે.

**-----------------------------------------------------------------------------------------**

## ભારત-પાક: ભ્રામક માહિતી

ભારતની કાર્યવાહીથી ગભરાયેલું પાકિસ્તાન હવે બનાવટી સમાચાર અને ખોટી માહિતી ફેલાવવા ડિજિટલ સ્પેસનો સહારો લઈ રહ્યું છે. અમારા સંવાદદાતાએ જણાવ્યું, પાકિસ્તાન સોશિયલ મીડિયા પર ભારત વિરુદ્ધ દુષ્પ્રચાર ફેલાવવા અનેક ખોટા અને ભ્રામક સમાચારનો સહારો લઈ રહ્યું છે.

આવા સમયે દરેક માહિતી સાવધાનીથી તપાસી લેવી ઘણી મહત્વની છે. જો આપને પણ કોઈ શંકાસ્પદ માહિતી મળે અને તે પણ ખાસ કરીને ભારતીય સશસ્ત્ર દળો કે પછી વર્તમાન સ્થિતિ સાથે સંકળાયેલી હોય તો તેની સૂચના **PIB** ફેક્ટ ચેકને જરૂરથી આપવી જોઈએ. આપ આવી માહિતીને વ્હોટ્સ એપ નંબર

87997 11259 અને ઈ-મેઈલ આઈડી **SOCIALMEDIA@PIB.GOV.IN** પર પણ મોકલી શકો છો..

---

## ભુજ: મેમણ મુસાફરખાનું યાદી

ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાલની તણાવપૂર્ણ પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામથક ભુજ સ્થિત મેમણ શેઠ હાજી અબુબકર ઉસ્માન સાર્વજનિક મુસાફરખાનાને રાષ્ટ્રહીતમાં જરૂર પડ્યે વહીવટીતંત્રને સોંપવા સંચાલક મંડળે તૈયારી દર્શાવી છે. આ મુસાફિરખાનામાં 40 રૂમ અને 280 વ્યક્તિને રહેવા માટે બધી જ સુવિધા ઉપલબ્ધ છે. દેશસેવા માટે લોકોને ઉપયોગી થઇ આ મુસાફરખાનુ રાજ્ય સરકાર અથવા વહીવટીતંત્રને સોંપવા સંચાલક મંડળ તૈયાર છે એમ સંસ્થાના ચેરમેન એ.વાય. અકબાની તથા વાઇસ ચેરમેન અમીરઅલી લોઢિયાની એક સંયુક્ત યાદીમાં જણાવાયું છે. .

---

## પુસ્તક વિમોચન

જાણીતા હાસ્ય કલાકાર જગદી ત્રિવેદીના જીવનચરિત્ર પર આધારિત અંગ્રેજી પુસ્તક એકસ્ટ્રા ઓર્ડિનરી સ્ટોરી ઓફ એન ઓર્ડિનરી મેનનું આજે અમદાવાદ ખાતે ગુજરાત સાહિત્યના પ્રસિદ્ધ સર્જકોની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવશ..

---

## ક્રિકેટ: આઇપીએલ

ઇન્ડિયન પ્રીમિયર લીગ આઇપીએલ 2025 ટી 20 ક્રિકેટ એક સપ્તાહ સુધી સ્થગિત કરવાનો ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ બીસીસીઆઇએ નિર્ણય લીધો છે. બાકીની 16 મેચ માટેનો નવો કાર્યક્રમ હવે જાહેર કરાશે...

---